# આજે પીએમ પદ માટે નરેન્દ્ર મોદીનું નામ જાહેર થશે

વધુ વિગતો પાન-૬ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

ધ્યાનનો એક અર્થ
'પોતાની જીવન કિતાબનું
નિખાલસ વાંચન'
- ટાગોર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૮૩ | ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૩, શુક્રવાર; ભાદરવા સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે દહેગામમાં ગરીબ કલ્યાણ મેળો

## બે તાલુકાના ૧૭૦૦ થી વધુ લાભાર્થીને રૂ. ૪ કરોડની સહાય ચુકવવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાનો ગાંધીનગર પ્રાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો આજે દહેગામ તાલુકાના પાલૈયા ખાતે યોજાશે.

જિલ્લાના પ્રભારી અને રાજ્યના નાણાંમંત્રીશ્રી નીતિન પટેલ, કોળી વિકાસ નિગમના ચેરમેનશ્રી પૂંજાજી ઠાકોર તથા સાંસદ શ્રી હરિન પાઠકના હસ્તે આ ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને સહાય તેમજ કીટ આપવામાં આવશે.

ગાંધીનગર પ્રાંત કક્ષાના આ ગરીબ કલ્યાણ મેળાની તૈયારીઓ આજે મોડી સાંજે સંપન્ન કરી દેવામાં આવી છે. ૧૭૦૦ થી વધુ લાભાર્થીઓને રૂ. ૪ કરોડની સાધન સહાય તેમજ કીટનું વિતરણ કરવામાં આવનાર છે.

આ ગરીબ કલ્યાણ મેળા દરમ્યાન મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિમાં પણ ચેક આપવામાં આવનાર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર અને દહેગામ તાલુકાના લાભાર્થીઓને આ મેળામાં આવરી લેવાયા છે. આ ઉપરાંત દહેગામ નગરપાલિકા તથા ગાંધીનગર મહાનગરપાલિકાના લાભાર્થીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

મેળાના પ્રારંભે રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું સંબોધન થશે જે બાયસેગની મદદથી રીલે કરવામાં આવનાર છે. આ પછી પ્રભારી મંત્રી અને મહેમાનોના હસ્તે લાભાર્થીઓને સહાય વિતરણ તેમજ તેમના સંબોધનો થશે.

લાભાર્થીઓના પ્રતિભાવો પણ મંચ પરથી વ્યક્ત કરાશે તેમ જાણવા મળેલ છે. ગાંધીનગર જિલ્લાનો કલોલ પ્રાંતનો ગરીબ કલ્યાણ મેળો શનિવારના રોજ માણસા ખાતે યોજાવાનો છે.

જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી લાભાર્થીઓની યાદી તૈયાર કરવામાં તંત્ર સતત વ્યસ્ત રહ્યુ છે. આ ગરીબ કલ્યાણ મેળા માટે આજે ૬૦ જેટલી બસો ૨૫ જેટલા રૂટ પર મુકવામાં આવી હોવાનું પણ એસ.ટી.ના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં પાંચમા તબક્કામાં આ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન થઈ રહ્યું છે. રાજ્ય સરકારે ૨૦૦૯-૧૦થી આ ગરીબ કલ્યાણ મેળાઓ યોજવાનું આયોજન હાથ ધર્યુ છે.

## આજથી રાજયમાં ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૨

રાજયના તમામ જિલ્લાઓમાં આજે ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે. જેમાં હાજરી આપવા મંત્રીઓ જિલ્લાના પ્રવાસે જતાં સચિવાલય મંત્રીઓ વિહોણું બન્યું છે.

રાજય સરકારના વિવિધ વિભાગો દ્વારા ઘડવામાં આવેલી અને અમલમાં મુકાયેલી કલ્યાણકારી યોજનાઓના લાભો લાભાર્થીઓને ઘર આંગણે મળી રહે તે માટે છેલ્લા એક દાયકાથી રાજય સરકાર દ્વારા રાજયમાં ગરીબ કલ્યાણ મેળાઓ યોજવામાં આવે છે.

જે અંતર્ગત આ વર્ષે પણ આવતીકાલથી રાજયમાં ગરીબ કલ્યાણ મેળાના કાર્યક્રમનો પ્રારંભ થઈ રહ્યો છે. પ્રથમ તબક્કામાં આવતીકાલથી શરુ થઈ રહેલ ગરીબ કલ્યાણ મેળાનો કાર્યક્રમ ગ્રામ્ય વિસ્તાર માટે યોજાનાર છે. દર સપ્તાહે બે દિવસ આ કાર્યક્રમ યોજાશે. જે ૨૯મી સપ્ટેમ્બર સુધી ચાલશે. ગ્રામ્ય વિસ્તાર બાદ શહેરી વિસ્તારોમાં આ કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

આવતીકાલે રાજયના તમામ ૩૨ જિલ્લાઓના તાલુકા મથકોએ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે. જેમાં મંત્રીઓન હસ્તે વિવિધ યોજના અંતર્ગત લાભાર્થીઓને કીટનું વિતરણ કરવામાં આવશે તેમજ સાધન સહાય અને ચેકોનું વિતરણ પણ કરવામાં આવશે.

આવતીકાલથી શરુ થઈ રહેલા ગરીબ કલ્યાણ મેળાના કાર્યક્રમમાં હાજરી આપવા રાજય મંત્રીમંડળના મંત્રીઓ અને સંબંધીત વિભાગના સચિવો જિલ્લાના પ્રવાસે જતાં સચિવાલયના વિભાગો મંત્રીઓ અને અધિકારીઓ વિહોણા બન્યા છે.

આવતીકાલથી શરૂ થઈ રહેલ ગરીબ કલ્યાણ મેળાનો કાર્યક્રમ ૨૯મી સપ્ટેમ્બર સુધી ચાલનાર છે જે દરમિયાન રાજયમાં કુલ ૧૧૯ મેળાઓ યોજવામાં આવશે.





કૃપયા આપ ક્યુમેં હે, થોડા ઔર ઈન્તજાર કિજીયે... જેવી મોબાઈલ ફોન પર જ નહિ, રેલવે સ્ટેશને સાંભળવા મળતી સૂચનાઓ હવે ગાંધીનગર જિલ્લા સેવા સદનમાં પણ સાંભળવા મળશે... અહીં ચાલતા જનસેવા કેન્દ્રમાં આજકાલ આવકના દાખલા તેમજ અન્ય કામકાજ માટે લોકો વહેલી સવારથી જ લાઈન લગાવી દેતા હોય છે. લોકોનો ધસારો ઓછો થાય તે માટે શહેરના રેશનકાર્ડ માટે અને આધાર કાર્ડ માટે ચોથા માળે વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. તો ચૂંટણી કાર્ડ માટે ત્રીજા માળે સહાયતા કેન્દ્ર શરૂ કરાયું છે પણ જનસેવા કેન્દ્રમાં સેવાઓની લાઈનો ઓછી કરવામાં તંત્ર સફળ રહ્યું નથી. અહીં બેસવા માટે પણ અપૂરતી વ્યવસ્થા છે. બાજુમાં ઈ-ધરા અને રજીસ્ટ્રાર ઓફ સ્ટેમ્પ્સની ઓફીસ હોવાથી લોકોને ઘણીવાર લાઈનોમાં પણ અટવાવવું પડે છે. (તસવીર : દિપક જાની)

## જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડની કામગીરીમાં ઝડપ લાવવા તાકિદ

### જિલ્લામાં ધીમી કામગીરી સામે પુરવઠામંત્રી ભૂપેન્દ્રસિંહની નારાજગી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ આપવાની ધીમી કામગીરી સામે નાગરિક પુરવઠા મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સખ્ત નારાજગી વ્યક્ત કરી એક માસમાં જ આ કામગીરી સંપન્ન કરવા કડક તાકીદ કરી છે.

પુરવઠા વિભાગના સચિવશ્રી રાજીવકુમાર ગુપ્તાની હાજરીમાં તેમણે વિભાગની કાર્યવાહી અંગે સમીક્ષા કરી હતી. બારકોડેડ રેશનકાર્ડમાં ફિંગરપ્રિન્ટ માટેની સુવિધાઓ વધારવા પર પણ તેમણે ખાસ ભાર મુક્યો હતો.

જિલ્લામાં હજુ ઘણી બધી દુકાનોની ફાળવણી બાકી હોવા અંગે પણ નારાજગી વ્યક્ત કરી હતી. મંત્રીશ્રી ચુડાસમાએ ભેળસેળ અને તોલમાપમાં છેતરપીંડી કરતા વેપારીઓને ઝડપી પાડવા આકસ્મિક દરોડાઓ પાડવા પર વિશેષ ભાર મુક્યો હતો.

ગાંધીનગર જિલ્લાની વિવિધ કચેરીઓની કામગીરીની સમીક્ષા બેઠક આજરોજ પંચાયત અને શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં શિક્ષણ, કૃષિ, બાગાયત, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની કચેરીએ કરેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકના આરંભે મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ઈન્દિરા આવાસ યોજના, મનરેગા યોજના, સખી મંડળો, નિર્મળ ભારત અભિયાન અંતર્ગત શૌચાલયની કામગીરી જેવી અન્ય યોજનાઓની જિલ્લામાં થયેલ કામગીરીની આંકડાકીય માહિતી મેળવી હતી. જેમાં મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સખી મંડળોની બહેનોને કઈ ચીજવસ્તુ માટે કયુ બજાર સારૂ રહેશે. તેમજ બજારની યોગ્ય જાણકારી આપવા માટેની વાત પર ખાસ ભાર મુક્યો હતો.

તે ઉપરાંત પંચાયત વિભાગની બેઠકમાં કેટલા ગામ સમરસ થયા, ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓની સંખ્યા, બાગાયત, પશુપાલન, કૃષીની કચેરીની કામગીરી માહિતી મેળવી હતી. તેમજ આરોગ્યમાં બાળ મૃત્યુદર, સંસ્થાકીય પ્રસુતિની ટકાવારી, મા કાર્ડ અંતર્ગત સારવાર મેળવનાર લાભાર્થીની સંખ્યા, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં સારવાર મેળવેલ બાળકોની સંખ્યાની પણ માહિતી મેળવી હતી. આ બેઠકમાં મંત્રીશ્રીએ જિલ્લામાં પાણીના તળ ઉંડા જાય છે. તેની ચિંતા વ્યક્ત કરી હતી. આ અંગેની લોક જાગૃતિ કેળવાય તે માટે સુચારૂ આયોજન કરવા જણાવ્યું હતું.

જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના ઓરડા, પીવાના પાણીની વ્યવસ્થા, કોમ્પ્યુટર લેબ જેવી અનેક બાબતોની માહિતી મેળવી હતી. તેમજ સ્માર્ટ સ્કૂલ, ગ્રીન સ્કૂલ, પ્રજ્ઞા કાર્યક્રમ અંગેના લોક અભિપ્રાયની પણ ચર્ચા કરી હતી. ગુણોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમથી જિલ્લામાં શું બદલાવ આવ્યો છે તેની પણ વિસ્તૃત માહિતી મેળવી હતી.

જિલ્લા પુરવઠાની કચેરીના બારકોડેડ રેશન કાર્ડની અને અન્ય યોજનાઓની કામગીરી માહિતી મેળવી હતી તેમણે ભેળસેળ અને તોલ માપમાં છેતરપિંડી કરતા વેપારીઓને ઝડપી પાડવા ઓચિંતી રેડ કરવા ભારપૂર્વક જણાવ્યું હતું.

આ બેઠકમાં કૃષી રાજયમંત્રી શ્રી જયંતી કવાડિયા, જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.જે. ભટ્ટ, નિવાસી અધિક કલેક્ટર શ્રી ડૉ. એમ.ડી. મોડિયા, સહિત વિવિધ સંલગ્ન કચેરીઓના અધિકારીશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## વડાપ્રધાન પદ માટે મોદીનું નામ જાહેર કરવાની વાત ટોક ઓફ ધી ટાઉન બની

ગાંધીનગર, તા. ૧૨

નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવા માટે ભાજપની રાષ્ટ્રીય નેતાગીરીમાં ઉભા થયેલા મતમતાંતરને લઈને ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે. મોદી સમર્થકોમાં અડવાણી પ્રત્યે નારાજગી ઉઠવા પામી છે.



ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપને વિજય બનાવવા માટે ભાજપે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ચૂંટણી લડવાનું મન બનાવી લીધુ છે અને તેના ભાગરૂપે ભાજપની રાષ્ટ્રીય ચૂંટણી પ્રચાર સમિતીના અધ્યક્ષ પદે નરેન્દ્ર મોદીની વરણી કરવામાં આવી હતી. જો કે આ નિર્ણય સાથે ભાજપના રાષ્ટ્રીય નેતા એલ.કે. અડવાણીએ રાજીનામુ આપીને વિરોધ નોંધાવ્યો હતો.

નરેન્દ્ર મોદીનું નામ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવા માટે પક્ષ દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવતા પુનઃ અડવાણીએ પોતાનો વિરોધ નોંધાવતા ભાજપની રાષ્ટ્રીય નેતાગીરીમાં આતંરીક મતમતાંતર ઉભા થવા પામ્યા છે. સંઘના દબાણને પગલે આવતીકાલે ભાજપની રાષ્ટ્રીય પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળનારી છે જેમાં સર્વસંમતિથી ઉમેદવારના પદ માટે નરેન્દ્ર મોદીના નામ પર મંજુરીની મહોર મારવાના પ્રયાસ કરવામાં આવશે. આમ છતાં પણ જો અડવાણી નહી માને તો તેમને સાઈડ લાઈન કરીને પણ મોદીનું નામ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરી દેવામાં આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

નરેન્દ્ર મોદીનું નામ અત્યારે જાહેર નહી કરવાનો મત વ્યક્ત કરીને અડવાણીએ મોદીના નામ સાથે વિરોધ વ્યક્ત કરતાં મોદી સમર્થકોમાં નારાજગી ઉઠવા પામી છે. પાટનગર ગાંધીનગરમાં મોદી સમર્થકો અડવાણીને સાઈડલાઈન કરીને પક્ષે મોદીનું નામ જાહેર કરી દેવું જોઈએ તેવી ચર્ચા કરતાં જોવા મળ્યા હતા.

આમ ગાંધીનગર શહેરમાં અને સચિવાલયની કેન્ટીનોમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનું નામ વડાપ્રધાન પદ તરીકે જાહેર કરવું જોઈએ એવી એક જ ચર્ચાઓ ઠેરઠેર થતાં આ ચર્ચા આજે ટોક ઓફ ધી ટાઉન બનવા પામી હતી.




**Teachers Wanted**
**Open Interview**

Teachers of any subjects for
English medium School at
**Trinity Educational Campus,**
Talod, (Sabarkantha)

| | |
|---|---|
| **Interview Date :** | 15/09/2013 (Sunday) |
| **TIme :** | 4.00 pm |
| **Interview Place :** | 709/A, Megh Malhar, Sec-11, Gandhinagar. |
| **Email :** | trinitytalod22@gmail.com |

**Trustees**
**Trinity Campus, Talod**




